# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 4-11-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઝારખંડમાં બે ચૂંટણી સભાઓને સંબોધન કરશે.
2) મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પરત લેવાનો આજે આજે છેલ્લો દિવસ, કુલ 7 હજાર 994 ઉમેદવારી પત્રો ભરાયા
3) અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ ચૂંટણી માટે પ્રચારનો આજે અંતિમ દિવસ –કમલા હેરિસ મિશિગનમાં, ડોનાલ્ડ ટ્રમ્પ પેન્સિલવેનિયા, જ્યોર્જિયા અને નોર્થ કેરોલિનામાં કરશે ચૂંટણી પ્રચાર
4) હરિદ્વારમાં આજે આઠમા ગંગા ઉત્સવનો પ્રારંભ –
5) ઉત્તર પશ્ચિમ તેમજ પૂર્વીય ભાગોમાં આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા
6) 14મી હોકી ઇન્ડિયા સિનિયર પુરુષ રાષ્ટ્રીય ચેમ્પિયનશીપનો આજથી ચેન્નાઈમાં પ્રારંભ

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- JHARKHAND RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઝારખંડમાં બે ચૂંટણી સભા સંબોધશે. ઝારખંડ ભાજપના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ મુરાન્ડીના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રી આજે સાડા અગિયાર વાગ્યે ગરહવા ખાતે તેમજ બપોરે ૩ વાગે ચાઈબાસામાં ચૂંટણી સભાને સંબોધશે.

ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બાદથી આ પહેલીવાર છે જ્યારે પ્રધાનમંત્રી અહીં ચૂંટણી પ્રચાર કરશે. ઉલ્લેખનીય છે કે ઝારખંડમાં બે તબક્કામાં 13 અને 20 નવેમ્બરના રોજ મતદાન થશે.

# PM-MAHARASHTRA VISIT (MUMBAI METRO)

પ્રધાનમંત્રી નરેન્દ્રમ મોદી 8થી 14 નવેમ્બર વચ્ચે મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર કરશે. મહારાષ્ટ્ર ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેના જણાવ્યા અનુસાર 8થી 14 નવેમ્બર દરમિયાન પ્રધાનમંત્રી રાજ્યમાં 11 જેટલી સભાઓને સંબોધન કરશે. જેમાં 8 નવેમ્બરના રોજ ધુલે અને નાસિકમાં, 9 નવેમ્બરના રોજ અકોલા અને નાંદેડમાં - ચંદ્રાપુર, ચિમુરા, સોલાપુર અને પુણેમાં 12 નવેમ્બરના રોજ તેમજ સાંભાજીનગર, નવી મુંબઈ અને મુંબઈમાં 14 નવેમ્બરના રોજ જાહેર સભાઓને સંબોધન કરશે.

# MAHA– ELECTION

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પરત લેવાનો આજે છેલ્લો દિવસ છે. રાજ્યની 288 બેઠકો માટે ફોર્મ ચકાસણીને અંતે કુલ 7 હજાર 994 ઉમેદવારી પત્રો ભરાયા છે. મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરના રોજ એક તબક્કામાં મતદાન યોજાશે.

રાજ્યમાં મહાયુતી અને મહા વિકાસ અઘાડી વચ્ચે મુખ્ય મુકાબલો છે. શાસક ગંઠબંધન મયાયુતીમાં ભાજપ, શિવસેના, એનસીપી છે, જ્યારે મહા વિકાસ અઘાડીમાં કોંગ્રેસ, શિવસેના (UBT) અને શરદચંદ્ર પવાર વાળો NCP – એમ મુખ્ય પક્ષો છે. અન્ય કેટલાંક નાના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારો માટે પણ આ ચૂંટણી મહત્વની છે.

# JAISHANKAR-MEET

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં ક્વિન્સલેન્ડ યુનિવર્સિટીના ચાન્સેલર પીટર વાર્ગેશે સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું છે કે આ મુલાકાત દરમિયાન ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ભાગીદારી સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.

# YOGI INVITES PM FOR MAHAKUMB

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાને સનાતન ધર્મના સૌથી મોટા મેળા તરીકે જાણીતા પ્રયાગરાજ મહાકુંભ 2025માં માટેનું આમંત્રણ પાઠવ્યું છે. યોગી આદિત્યનાથ ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા અને બંને નેતાઓને મળ્યા હતા. 13 જાન્યુઆરી, 2025ના રોજ પોષ પુર્ણિમા સ્નાન સાથે મહાકુંભની શરૂઆત થશે, જે 26 ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીના રોજ સંપન્ન થશે.

# US PRESIDENT ELECTION

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માટે પ્રચારનો આજે અંતિમ દિવસ છે. ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસ આજે મિશિગનમાં ગ્રેટ લેક્સ ખાતે ચૂંટણી પ્રચાર કરશે. જ્યારે રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ પેન્સિલવેનિયા, જ્યોર્જિયા અને નોર્થ કેરોલિનામાં ચૂંટણી પ્રચાર કરશે.

અત્યાર સુધીમાં સાત કરોડથી વધુ મત બેલેટ મેલ દ્વારા નાખવામાં આવ્યા છે. આ આંકડો વર્ષ 2020માં 15 લાખ પ્રાથમિક મતોથી ઓછો છે. આ ચૂંટણીમાં પ્રમુખ સ્વિંગ રાજ્યો નેવાડા, એરિઝોના, નોર્થ કેરોલિના, જ્યોર્જિયા, વિસ્કૉન્સિન, મિશિગન અને પેન્સિલ્વેનિયા નિર્ણાયક ભૂમિકા ભજવશે. 538 ઇલેક્ટ્રોલ કૉલેજ વોટ સાથે 270થી વધુ મેળવનાર ચૂંટણીમાં વિજેતા જાહેર થશે. બંને ઉમેદવારોએ જીત હાંસલ કરવા માટે ઓછામાં ઓછા ત્રણ સ્વિંગ રાજ્યોમાં જીત મેળવવી જરૂરી છે.

# HARIDWAR GANGA UTSAV

હરિદ્વારમાં આજે આઠમો ગંગા ઉત્સવ ઉજવાશે. આ પ્રસંગે અધ્યાત્મિક નગરીના ચંડીઘાટ ખાતે તૈયારીઓ કરવામાં આવી છે. રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન અંતર્ગત આ આયોજન કરવામાં આવી રહ્યું છે, જેનો હેતુ ગંગા નદીના સંરક્ષણને પોત્સાહન આપવાની સાથે સાથે સાંસ્કૃતિક અને અધ્યાત્મિક મહત્વને ઉજાગર કરવાનો તેમજ લોકોમા સ્વચ્છતા પ્રત્યે સભાનતા વધરાવાનો છે.

કેન્દ્રીય જળશક્તિમંત્રી સી. આર. પાટિલ આ ઉત્સવનું ઉદ્ઘાટન કરશે. કાર્યક્રમ દરમિયાન વિશેષ અતિથિઓ ઉપસ્થિત રહેશે. મુખ્ય આકર્ષણોમાં મહિલાઓ માટે રિવર રાફ્ટિંગ અભિયાન સામેલ છે, જેમાં 20 મહિલાઓનું એક જૂથ દેવ પ્રયાગથી રાફ્ટિંગ કરતા 50 દિવસોમાં ગંગા સાગર પહોંચશે. આ જૂથ લોકોને ગંગાના મહત્વ વિશે માહિતી આપશે.

# MANIPUR---CHAKKOUBA.RTF

મણિપુરના સૌથી મોટા તહેવારોમાંના એક નિંગોલ ચકોઉબાની સમગ્ર રાજ્યમાં ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરાઈ. આ એ તહેવાર મૈતેઈ પંચાંગના ચંદ્ર મહિના હિયાન્ગેઈના બીજા દિવસે ઉજવવામાં આવે છે. આ તહેવારમા ભાઈ એક અઠવાડિયા અગાઉ પોતાની બહેનને ઔપચારિક આમંત્રણ આપે છે અને બહેન પોતાના ભાઈના ઘરે તહેવારની ઉજવણી કરે છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# EVE. IMD WEATHER

હવામાન વિભાગે તામિલનાડુ, પુડુચેરી, કેરળ, કોડાઈકેનાલ તેમજ માહેમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર ઉત્તર પશ્ચિમ તેમજ પૂર્વીય ભાગોમાં આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

આંદમાન અને નિકોબાર દ્વીપ પર આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે. રાજધાની દિલ્હીમાં આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન રાતે અને વહેલી સવારે ધુમ્મસછાયું વાતાવરણ રહી શકે છે. જ્યારે ઉત્તર પશ્ચિમ ઉત્તર પ્રદેશના વિસ્તારોમાં તીવ્ર ધુમ્મસ જોવા મળી શકે છે.

# HOCKEY SENIOR CHAMPIONSHIP

14મી હૉકી ઇન્ડિયા સિનિયર પુરુષ રાષ્ટ્રીય ચેમ્પિયનશીપનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. ચેન્નઈના મેયર રાધાકૃષ્ણન હૉકી સ્ટેડિયમમાં 16 નવેમ્બર સુધી ચાલનારા આ ટુર્નામેન્ટમાં 31 ટીમો ભાગ લેશે. આ ટીમોને આઠ પૂલમાં વિભાજીત કરવામાં આવી છે.

લીગ તબક્કામાં પ્રત્યેક ટીમ પોતાના પૂલમાં દરેક ટીમ વિરુદ્ધ રમશે. પ્રત્યેક પૂલમાં ટોચ પર રહેનારી ટીમક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવશે. ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઇનલ 31 નવેમ્બરના રોજ રમાશે. સેમિફાઇનલ મેચ 15 નવેમ્બરે, જ્યારે ફાઇનલ 16 નવેમ્બરના રોજ રમાશે. શરૂઆતી મેચમાં ઉત્તર પ્રદેશનો સામનો કેરળ સાથે જ્યારે કર્ણાટકનો મુકાબલો ઉત્તરાખંડ સામે થશે.

# UGANDA KILLED

યુગાન્ડામાં શરણાર્થી શિબિર પર વીજળી પડવાને કારણે 13 બાળકો અને એક વ્યક્તિનું મોત થયું છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર ગઈકાલે પીડિતો ચર્ચમાં સેવા આપવા માટે આવ્યા હતા, જે દરમિયાન વીજળી પડતા દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં અન્ય 34 લોકોને ઇજા થવા પામી હતી.

યુગાન્ડાના ઉત્તર પશ્ચિમમાં આવેલા પાલાબેક શરણાર્થી વિસ્તારમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. આ વિસ્તારમાં છેલ્લા થોડા દિવસમાં ભારે વરસાદ અને વીજળી પડવાની ઘટનાઓ નોંધાઈ છે. સંયુક્ત રાષ્ટ્રની શરણાર્થી એજન્સી અનુસાર પાલાબેક શરણાર્થી વિસ્તાર એ 80 હજાર શરણાર્થીઓનું ઘર છે, જેમાંથી ઘણા લોકોએ દક્ષિણ સુદાનથી અહીં આવીને શરણ લીધી છે.

# ISRAEL HIZBULLAH

ઇઝરાયેલે કહ્યું છે કે તેના લશ્કરી દળોએ હિજબુલ્લાહના બે પ્રમુખ કાર્યકર્તાઓને ઠાર માર્યા છે, જેઓ દક્ષિણી લેબનાનમાં ઉત્તરી ઇઝરાયેલ પર રોકેટ હુમલા માટે જવાબદાર હતા. ઇઝરાયેલની સેનાએ ખિયામ વિસ્તારમાં હિજબુલ્લાહ કમાન્ડર ફારૂક અમિલ અલાસી અને રાડવાન દળના કંપની કમાન્ડર યૂસુફ અહમદ નૂનને ઠાર માર્યા છે.

લેબનાના સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર એક ઇઝરાયેલી યુદ્ધ વિમાનના લેબનાનના દક્ષિણ પૂર્વીય શહેર ખિયામમાં બે માળની ઇમારત પર હવાથી જમીન પર મારણ ક્ષમતા ધરાવતી ચાર મિસાઇલ છોડી હતી, જેમાં બે હિજબુલ્લાહ સૈન્ય અધિકારીઓના મોત થયા હતા. હિજબુલ્લાહે હજી સુધી આ ઘટના અંગે કોઈ જ નિવેદન આપ્યું નથી.

# REV. PADDY-PROCUREMENT

સરકારે કહ્યું છે કે અનાજ બજારોમાં 90 લાખ ટનથી વધુ ડાંગરની આવક થઈ છે, જેમાંથી 85 લાખ ટનથી વધુ ડાંગરની ખરીદી એકલા પંજાબમાં સરકારી સંસ્થાઓ તેમજ ભારતીય ખાદ્ય નિગમ દ્વારા કરવામાં આવી છે. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે નક્કી કરેલા ‘A’ કેટેગરીના ડાંગરને 2350 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના લઘુત્તમ ટેકાના ભાવે ખરીદવામાં આવી રહ્યું છે.

ચાલુ ખરીફ બજાર સત્રમાં અત્યાર સુધીમાં સરકારે કુલ 19 હજાર, 800 કરોડ રૂપિયાના ડાંગરની ખરીદી કરી છે, જેનાથી 4 લાખથી વધુ ખેડૂતોને લાભ થયો છે. ચાલુ ખરીફ પાક સત્ર 2024-25 માટે પહેલી ઑક્ટોબરથી પંજાબમાં ડાંગરની ખરીદી શરૂ થઈ હતી. આ માટે સમગ્ર રાજ્યમાં બે હજાર 927 મંડળીઓ તેમજ અસ્થાયી યાર્ડ ચાલુ છે. કેન્દ્ર સરકારે આ બજાર સત્રમાં ડાંગરની ખરીદી માટે એકસો 85 લાખ ટનનો લક્ષ્યાંક મૂક્યો છે, જે 30 નવેમ્બર સુધી ચાલશે.